सत्यमेव जयते

અરજી દાખલ તારીખ ૨૦/૧૦/૨૦૨૨
અરજી નોંધ્યા તારીખ ૨૦/૧૦/૨૦૨૨
અરજી નિર્ણય તારીખ ૨૧/૧૦/૨૦૨૨
સમયગાળો ૦૧–દિવસ,૦૦–માસ,૦૦–વર્ષ

**<u>મ્હે.ત્રીજા એડીશનલ સેશન્સજજ સાહેબ,ઉનાની અદાલતમાં મુ.ઉના.</u>**

**<u>ક્રિમીનલ પરચુરણ અરજી નં.૨૪૪/૨૦૨૨</u>**

**<u>આંક–</u>**

**<u>અરજદાર</u>:–**

અનિરુધ્ધસિંહ દોસુ ઉર્ફે કરણસિંહ ગોહીલ
ઉ.વ.૩૨, ધંધો –ખેતી,
રહે.નાંદરખ, તા.ઉના, જિ.ગીર સોમનાથ.

**–વિરુધ્ધ–**

**સામાવાળાઃ–**

ધી સ્ટેટ ઓફ ગુજરાત
નોટીસ થ્રુ એ.જી.પી.,ઉના

**વિષયઃ–**<u>ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૯ અન્વયે જામીન અરજી.</u>

---

અરજદાર તરફે વિદવાન એડવોકેટ શ્રી.એસ.જી.મોરી
સામાવાળાશ્રી સરકાર તરફે વિદવાન એ.જી.પી.શ્રી એમ.કે.ગોહેલ,

---

**–:: <u>ચુ કા દો</u> ::–**

(૧) અરજદાર/આરોપી વિરૂધ્ધ ઉના પોલીસ સ્ટેશન ગુન્હા રજિસ્ટર નંબર–ફર્સ્ટ

૧૮૯/૨૦૧૮, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર), ૩(૨)(૫–એ) મુજબનો ગન્હો નોંધાયેલો અને અરજદારને અટક કરેલા અને ત્યારબાદ પોલીસે સદર કેસમાં ચાર્જશીટ રજુ કરેલુ જેનો એટ્રો. સેશન્સ કેસ નં.૧૧/૨૦૨૦ પડેલ, જે ઉનાની કોર્ટમાં પેન્ડીંગ છે. જેમાં અરજદાર/આરોપી ટ્રાયલ દરમ્યાન હાજર ન રહેતા અરજદાર/આરોપી વિરૂધ્ધ નામદાર કોર્ટે પકડ વોરંટ કાઢેલ, જે વોરંટનાં આધારે પોલીસે અરજદાર/આરોપીને તા.૨૭/૬/૨૦૨૨ નાં રોજ અટક કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલ, પરંતુ નામદાર કોર્ટે આરોપીનું વોરંટ રદ ન કરી આરોપીને જયુડી. કસ્ટડીમાં લેવાનો હુકમ કરેલ અને તે મુજબ તા.૨૭/૦૬/૨૦૨૨ થી આરોપી નામદાર કોર્ટની જયુડી. કસ્ટડીમાં છે, જેથી અરજદાર/આરોપીએ જામીન પર મુકત થવા માટે હાલની જામીન અરજી દાખલ કરેલ છે.

**(૨)** આ કામે અરજદારની અરજી દાખલ થતા સરકારશ્રીને ધોરણસર નોટિસ કરતા સરકાર તરફે વિ.એ.જી.પી.શ્રી એમ. કે. ગોહેલ હાજર થયેલા છે.

**(૩)** અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી એસ.જી.મોરીએ રજુઆત કરેલ છે કે, અરજદાર નાની વયના હોય, જો અરજદારને જેલમાં રાખવામાં આવે તો તેમના માનસ ઉપર ખરાબ અસર થાય અને અરજદાર ઉપર તેમના ઘરનાં સભ્યો અને તેમના પરિવારનાં ભરણપોષણની જવાબદારી છે અને અરજદાર તેમના કુટુંબમાં કમાનાર એક જ વ્યકિત છે. વળી અરજદાર ઉનાનાં સ્થાનિક રહેવાસી છે અને સ્થાવર તેમજ જંગમ મિલ્કતો ધરાવે છે અને હાલનો કેસ ચાલતા લાંબો સમય જાય તેમ છે. વધુમાં અરજદાર નામ.કોર્ટમાં હવેથી નિયમિતપણે હાજર રહેવાની ખાતરી આપતા હોય, આ તમામ સંજોગોને ધ્યાને લઈ અરજદાર/આરોપીને યોગ્ય રકમનાં જામીન ઉપર મુકત કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

**(૪)** આ કામે રજુ થયેલ હાલની જામીન અરજી તથા બંને પક્ષે તર્ફે થયેલ દલીલો ધ્યાને લેતાં, આ કામનાં અરજદાર/આરોપી ઉનાનાં સ્થાનિક રહેવાસી છે. જેથી ટ્રાયલ સમયે તેઓની હાજરી સુનિશ્ચિત કરી શકાય તેમ છે. વધુમાં અરજદાર/આરોપીના પરિવારના ભરણ–પોષણની જવાબદારી અરજદાર /આરોપી ઉપર રહેલી હોય, તેમના પરિવારને ભુખે મરવાનો વારો આવે તેવી શકયતાને નકારી શકાય તેમ નથી. વધુમાં અરજદાર/આરોપી તર્ફે વિ.વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી તે તા.૨૭/૦૬/૨૦૨૨ નાં રોજ ધરપકડ કરી નામદાર કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ

અને ત્યારબાદ નામદાર કોર્ટે અરજદાર/આરોપીને જયુડી. કસ્ટડીમાં લીધેલ ત્યારથી આજ દિન સુધી અરજદાર/આરોપી તર્ફે જામીન પર મુકત થવા માટે કોઈ અરજી કરવામાં આવેલ નથી. આમ, વિ.વકીલશ્રીની આ રજુઆત ધ્યાને લેતાં અરજદાર/આરોપી તા.૨૭/૦૬/૨૦૨૨ થી જયુડી. કસ્ટડીમાં છે. વધુમાં અરજદાર હવેથી નિયમિતપણે કોર્ટમાં હાજર રહેવાની ખાતરી આપતા હોય તેવા સંજોગોમાં અરજદાર/ આરોપીની તરફેણમાં વિવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચિત માનુ છું, જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરુ છુ.

**–:: <u>હુ ક મ</u> ::–**

આરોપી/અરજદાર અનિરુધ્ધસિંહ દોસુ ઉર્ફે કરણસિંહ ગોહીલ, રહે.નાંદરખ, તા.ઉના, જિ.ગીર સોમનાથ નાને ઉના પોલીસ સ્ટેશન ગુન્હા રજિસ્ટર નંબર–ફર્સ્ટ ૧૮૯/૨૦૧૮, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર), ૩(૨)(૫–એ) ના કામની હાલની રેગ્યુલર જામીન મેળવવાની અરજી આથી મંજુર રાખવામાં આવે છે.

અરજદાર/આરોપીએ રૂા.૫,૦૦૦/–અંકે રુપિયા પાંચ હજાર પુરાના જામીન અને તેટલી જ રકમનો જાત મૂચરકો રજુ રાખ્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો આથી આદેશ કરવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

(૧) અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ પુરી ન થાય ત્યાં સુધી કોર્ટની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૨) અરજદાર/આરોપીએ ટ્રાયલ પુરી ન થાય ત્યાં સુધી દર મહીનાની પહેલી તારીખે સંબંધીત પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી.

આજ તારીખ : ૨૧ માહે ઓકટોબર, સને–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૨૧/૧૦/૨૦૨૨.
સ્થળ : ઉના.

**(આર. એમ.અસોડીયા)**
ત્રીજા એડીશનલ સેસન્સ જજ
ઉના.(જી.જે.૦૬૩૬)